**શ્રી આશિષ ભાટીયા, પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય નાઓની અધ્યક્ષતા હેઠળ તા–૦૮/૦૩/૨૧ ના રોજ યોજાયેલ પોલીસ વેલ્ફેર ફંડ મોનીટરીંગ કમીટીની બેઠકની કાર્યવાહી નોંધ.**

---

નિયમ : ૨૫૭(૧), ગુજરાત પોલીસ મેન્યુઅલ ( Vol – I ) હેઠળ કરેલ જોગવાઈ મુજબ રચના કરવામાં આવેલ પોલીસ વેલ્ફેર ફંડ મોનીટરીંગ કમીટીની બેઠક શ્રી આશિષ ભાટીયા, પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓની અધ્યક્ષતા હેઠળ તારીખ–૦૮/૦૩/૨૦૨૧ ના રોજ ૧૬:૦૦ કલાકે યોજવામાં આવેલ. સદર બેઠકમાં કમીટીના નીચે મુજબના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ.

| અ.નં. | અધિકારીનું નામ અને હોદ્દો | કમીટીમાં સ્થાન |
|---|---|---|
| ૧ | શ્રી બ્રજેશકુમાર ઝા,<br>પોલીસ મહાનિરીક્ષક (વહીવટ) | સભ્ય સચિવ |
| ૨ | સુ.શ્રી સી.એન.ભટ્ટ<br>નિયામક, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્ય |
| ૩ | સુ.શ્રી હંસાબેન ધારવીયા, ઇ.ચા.ઉપસચિવ<br>(સચિવશ્રીના પ્રતિનિધી) ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર. | સભ્ય |

આ ઉપરાંત પોલીસ વેલ્ફેર સ્કીમોમાં સુધારા–વધારા કરવા નિમાયેલ કમિટી ના અધ્યક્ષ શ્રી રાજુ ભાર્ગવ, અધિક પોલીસ મહાનિદેશક, હથિયારી એકમો, ગુ.રા.ગાંધીનગર તથા બીજા અધિકારીઓ હાજર રહેલ.

૨. અધ્યક્ષ સ્થાનેથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નાઓએ ઉપસ્થિત તમામ સભ્યો અને અધિકારીઓને આવકાર્યા બાદ પોલીસ વેલ્ફેર ફંડમાં વર્ષ દરમ્યાન જમા થયેલ ફાળો, ગુજરાત સરકાર તરફથી મળેલ અનુદાન, લોન ભરપાઈ, વિવિધ પ્રવૃત્તિવાર થયેલ ખર્ચ તથા સિલકની વિગતો તથા પોલીસ વેલ્ફેર સ્કીમોમાં સુધારા–વધારા કરવા જિલ્લા/ યુનિટ તરફથી મળેલ વિવિધ સુચનો અંગે ચર્ચા કરવામાં આવેલ.

૩. ત્યારબાદ બેઠકમાં પ્રવર્તમાન પોલીસ વેલ્ફેર સ્કીમોમાં સુધારા–વધારા કરવા નિમાયેલ કમિટી દ્વારા સુચવેલ જરૂરી સુધારા–વધારા MS Power point presentation માં રજુ કરવામાં આવેલ. જે અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવેલ અને સર્વાનુમતે નીચે મુજબનાં નિર્ણય લેવામાં આવેલ.

**ગુજરાત પોલીસની પ્રવર્તમાન વેલ્ફેર પ્રવૃત્તિઓમાં નીચે મુજબના ક્ષેત્રોને આવરી લેવામાં આવેલ છે.**

(અ) સેન્ટ્રલ/યુનિટ વેલ્ફેર ફંડ દ્વારા સંચાલિત વિવિધ પ્રવૃત્તિઓ

(બ) વેલ્ફેર ફંડમાંથી મળતી વિવિધ લોન

(ક) કર્મચારીઓને ચશ્મા સહાય, દાંતના ચોકઠા સહાય, કર્મચારીઓના તેજસ્વી બાળકોને શિષ્યવૃત્તિ તથા ઈનામ સહાય

(ડ) કર્મચારીના મૃત્યુના કિસ્સામાં મળતી મરણોત્તર/બંધુત્વ સહાય

**(અ) વેલ્ફેર ફંડ દ્વારા સંચાલિત વિવિધ પ્રવૃત્તિઓ:-** વેલ્ફેર પ્રવૃત્તિઓ અંગેનો સૌથી મહત્વનો મુદ્દો કઇ પ્રવૃત્તિઓને વેલ્ફેર પ્રવૃત્તિઓ તરીકે ગણવી અને તે અંગેનો ખર્ચ વેલ્ફેર ફંડમાંથી મંજૂર કરવો તે અંગેનો છે. ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૭૫ ભાગ-૧ નિયમ-૨૫૭ મા વેલ્ફેર હેઠળ કરી શકાતી ૧૮ વિવિધ પ્રવૃત્તિઓની યાદી આપવામાં આવેલ છે. આ પ્રવૃત્તિઓ વર્તમાન સંજોગોમાં તદ્દન અપૂરતી જણાય છે. ઉપરાંત કેટલીક પ્રવૃત્તિઓએ સમયાંતરે પોતાની પ્રસ્તુતતા ગુમાવી દીધેલ છે. આથી ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૭૫ ભાગ-૧ના નિયમ ૨૫૭ માં જણાવેલ ૧૮ પ્રવૃત્તિઓ પૈકી (૧) દૂધ કેન્દ્ર (૨) શાકભાજીના બાગ (૩) બાળમંદિર (૪) બાળ ઉદ્યાન (૫) લોટ દળવાની ઘંટી (૬) દવાખાનુ અને સારવાર કેંદ્ર (૭) પોલીસના બાળકો માટે શિક્ષણના વર્ગો જેવી પ્રવૃત્તિઓ મોટાભાગના એકમોમાં કાર્યરત છે અને આ ઉપયોગી પ્રવૃત્તિઓ હોઇ તેમને ચાલુ રાખવામાં આવે છે. આ ઉપરાંત (૮) પોલીસ બાળકો માટેના છાત્રાલય (૯) રીક્રીએશન સેન્ટર (૧૦) પોલીસ બાળકોનું બેન્ડમેન્યુઅલમાં દર્શાવેલ હોવા છતાં હાલ કોઇપણ એકમમાં કાર્યરત નથી. આ ઉપયોગી પ્રવૃત્તિઓ હોઇ તેમને ચાલુ રાખવામાં તથા જરૂરીયાત મુજબ કાર્યરત કરવા જણાવવામાં આવે છે. (૧૧) સસ્તા અનાજની દુકાનને કન્ઝુમર સ્ટોર તરીકે ચાલુ રાખવામાં આવે છે. જ્યારે પોલીસ મેન્યુઅલમાં દર્શાવેલ (૧૨) મેટરનરનીટી અને ચાઇલ્ડ હેલ્થ સેન્ટર તથા (૧૩) કુટુંબ નિયોજન કેન્દ્રને યુનિટ દવાખાનાની પ્રવૃત્તિઓ સાથે સમાવી લેવામાં આવે છે. તે જ રીતે (૧૪) ભરતગૂંથણ અને સિવણ વર્ગને અન્ય ગૃહઉદ્યોગો સાથે કાર્યરત રાખવા જણાવવામાં આવે છે. (૧૫) સિનેમા-શોને મનોરંજનના હેડ હેઠળની પ્રવૃત્તિમાં સમાવી લેવામાં આવે છે. (૧૬) અંબર ચરખો (૧૭) પ્રૌઢ શિક્ષણ વર્ગો તથા (૧૮) મરઘા ઉછેર કેન્દ્ર જેવી પ્રવૃત્તિઓએ વર્તમાન સમયમાં પોતાની પ્રસ્તુતતા ગુમાવેલ હોય તેમને વેલ્ફેર પ્રવૃત્તિઓની યાદીમાંથી રદ કરવામાં આવે છે.

ઉપરોક્ત પ્રવૃત્તિઓ સિવાય અનેક પોલીસ એકમોમાં અન્ય કેટલીક પ્રવૃત્તિઓને વેલ્ફેર પ્રવૃત્તિઓ તરીકે ચલાવવામાં આવી રહેલ છે. આથી આ યાદીને સ્પષ્ટ અને વિસ્તૃત કરી સદર પ્રવૃતિઓને પણ વેલ્ફેર પ્રવૃતિઓ તરીકે વિધિવત માન્યતા આપવી અત્યંત આવશ્યક છે. જેના ભાગરૂપે કેટલીક પ્રવૃતિઓને વેલ્ફેર પ્રવૃત્તિઓ તરીકે જાહેર કરવાના બદલે વિવિધ વિષયોને વેલ્ફેર વિષયો તરીકે જાહેર કરવામાં આવે છે. આ વેલ્ફેર વિષયોમાં નીચે મુજબના વિષયોનો સમાવેશ કરવામાં આવે છે.

(૧) ઉપભોક્તા સુવિધા (૨) શિક્ષણ (વિદ્યાભવન) (૩) આરોગ્ય તથા શારીરિક/માનસિક ફિટનેસ (વેલનેસ સેન્ટર) (૪) સાંસ્કૃતિક બાબતો અને મનોરંજન (૫) પર્યાવરણ અને સૌંદર્યીકરણ તથા સફાઇ અને વેસ્ટ મેનેજમેન્ટ (૬) રોજગાર અને કૌશલ્યવર્ધન (૭) અન્ય પ્રવૃત્તિઓ.

આ વિષયો સંલગ્ન નીચે દર્શાવ્યા મુજબની પ્રવૃત્તિઓને વેલ્ફેર પ્રવૃત્તિઓ તરીકે સ્વીકૃતિ આપવામાં આવે છે અને તેમાં થનાર સંભવિત ખર્ચાઓ જે - તે અધિકારીની સત્તા મર્યાદામાં વેલ્ફેર ફંડમાંથી કરવા મંજૂરી આપવામાં આવે છે.

**(૧) ઉપભોક્તા સુવિધા:-**

**૧. CPC કેન્ટીન:-** દરેક પોલીસ યુનિટમાં સીપીસી કેન્ટીનની સુવિધા ઉભી કરવી જરૂરી છે અને સીપીસીમાં ઉપલબ્ધ કરાવી શકાતા તમામ સામાનનું વેચાણ સીપીસી દ્વારા જ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

**૨. કન્ઝ્યુમર સ્ટોર:-** જે ચીજ-વસ્તુઓ સીપીસી કેન્ટીન ખાતે ઉપલબ્ધ થઇ શકતી ન હોય માત્ર તેવી જ અનાજ કરિયાણા ઉપરાંત હોઝીયરી /સ્ટેશનરી/કટલરી /યુનિફોર્મ આર્ટીકલ્સ અને તેવી અન્ય માંગ ધરાવતી ચીજ-વસ્તુઓનું વેચાણ કન્ઝ્યુમર સ્ટોર મારફતે કરી શકાશે. ઉપરાંત જે એકમોના વેલ્ફેર ફંડમાં પૂરતી સિલક રકમ નહી હોવાના કારણે સીપીસીની મંજૂરી મળવાપાત્ર નથી તેવા એકમોમાં તમામ ચીજવસ્તુઓ કન્ઝ્યુમર સ્ટોર દ્વારા વેચાણ કરી શકાશે.

**૩. દૂધ કેન્દ્ર/આઇસક્રીમ પાર્લર:-** મોટા શહેરોમાં તથા જાહેર જનતાની વસ્તીથી નજીક આવેલ એકમોમાં અમુલ દ્વારા દૂધ કેન્દ્ર શરૂ કરાવી તેમના જ દ્વારા સંચાલિત કરવાનું રહેશે અને જે-તે પાર્લરની જગ્યામાટે અમુલ તરફથી નિયત ભાડુ વસુલ કરી વેલ્ફેર ફંડમા જમા થઇ શકશે.પરંતુ જયાં અમુલ દ્વારા આ સુવિધા ઉપલબ્ધ કરાવી શકાય તેમ ન હોય ત્યાં જે-તે એકમ દ્વારા દૂધ કેન્દ્ર/આઇસ્ક્રીમ પાર્લરનું સંચાલન થઇ શકશે.

**૪. અનાજ/મસાલા દળવાની ઘંટી:-** દરેક યુનિટમાં આ સુવિધા ઉભી કરી શકાશે.

**૫. ચા-નાસ્તા કેન્ટીન/કાફેટેરીયા:-** દરેક યુનિટમાં ચા-કોફી, નાસ્તા વિગેરે ઉપલબ્ધ કરાવવા ચા-નાસ્તા કેન્ટીન ખોલી શકાશે. જેને સુંદર ઓપન-એર કાફેટેરીયા તરીકે પણ વિકસાવી શકાય. આવા નાના કાફેટેરીયા યુનિટના રહેવાસીઓને નાના મેળાવડા/પાર્ટીઓ માટે રાહતદરે ઉપલબ્ધ કરાવીને પણ વેલ્ફેર ફંડમાં આવક ઉભી કરી શકાશે.

**૬. શાકભાજી કેન્દ્ર:-** યુનિટ દ્વારા ઉત્પન્ન કરાતી શાકભાજી, ફળો ઉપરાંત બાકીની શાકભાજી તથા ફળો બહારથી લાવીને શાકભાજી કેન્દ્રમાં વેચાણ કરી શકાશે.

**૭. બાર્બર સાલુન:-** બાર્બર શોપમાં પોલીસ કર્મચારીઓ ઉપરાંત સિવીલિયન કર્મચારીઓ, યુનિટમાં વસતા પરિવારજનો તથા જાહેર જનતાના પણ હેરકટીંગ રાહત દરે કરી આવક ઉભી કરી શકાશે.

**૮. આર.ઓ. પ્લાન્ટ:-** પ્રત્યેક પોલીસ હેડક્વાર્ટરમાં આર.ઓ. પ્લાન્ટ નાખી રૂ.૧૦/- પ્રતિ ૨૦ લિટર લેખે પાણી ઉપલબ્ધ કરાવી શકાશે. આ ઉપરાંત જાહેર-જનતાને પણ આર.ઓ પાણી રૂ.૨૦/- પ્રતિ ૨૦ લિટરના ભાવે ઉપલબ્ધ કરાવી તેનો નફો વેલ્ફેર ફંડમાં જમા કરાવી શકાશે.

**૯. એ.ટી.એમ:-** જે એકમોમાં શોપિંગ સેન્ટરમાં એ.ટી.એમ. માટે જગ્યા ફાળવવામાં આવેલ નથી તેવા કિસ્સામાં વડી કચેરીની મંજૂરીથી પોલીસ કર્મચારીઓ તેમજ જાહેર જનતા ઉપયોગ કરી શકે તેવા સ્થળે એ.ટી.એમ. બનાવી તેનું ભાડુ વેલ્ફેર ફંડમાં જમા કરી શકાશે.

**૧૦. ગેસ ગોડાઉન:-** અનેક પોલીસ એકમોમાં વેલ્ફેર હેઠળ ગેસ ગોડાઉન બનાવી ગેસ એજન્સીઓ લેવામાં આવેલ છે. જે પાઇપ લાઇન દ્વારા ગેસની સુવિધા ઉપલબ્ધ ન થાય ત્યા સુધી ચાલુ રાખી શકાશે.

**ઉપરોકત પ્રવૃતિઓ માટે વેલ્ફેર ફંડમાંથી કરી શકાતો ખર્ચ :** ફર્નિચર, ઇલેક્ટ્રિક/ઇલેક્ટ્રોનિક સાધનો, રેક્સ, કન્ટેનર્સ, બારકોડ સ્કેનર/કોમ્પ્યુટર/ પ્રિન્ટર/બીલીંગ સોફટવેર, ટ્રોલી-બકેટ, વજન કાંટો, પેકીંગ મશીન, કેરી બેગ, અનાજ/મસાલા દળવાની ચક્કી, લાઇટ બોર્ડ, ગ્રાઇન્ડર-બ્લોઅર, ફર્નિચર, જરૂરી પાના-પકડ, ક્રોકરી, વિવિધ વાનગીઓ બનાવવા/પીરસવા માટે જરૂરી સાધનો, ગેસ સ્ટવ/સિલીન્ડર; બાર્બર સલુન માટે હેર કટીંગના જરૂરી સાધનો; આર.ઓ. પ્લાન્ટ માટે પાણીની મોટર, પાણીના ટાંકાઓ અને જરૂરી ફીટીંગ, સફાઇને લાગતા સાધનો, સ્ટેશનરી, વીજળી-બિલ, સાધનોનો રીપેરીંગ ખર્ચ સહિતનો સદર પ્રવૃતીઓને સંલગ્ન કોઇપણ ખર્ચ વેલ્ફેર ફંડમાંથી કરી શકાશે.

**(૨) શિક્ષણ (વિદ્યા ભવન):-**

પોલીસ એકમના પોલીસ પરિવારના બાળકો તથા યુવાનો માટે શિક્ષણ સંબંધી સવલતો પૂરી પાડવી એ મહત્વની વેલ્ફેર પ્રવૃત્તિ છે. આથી દરેક એકમમાં જરૂરીયાત મુજબ નીચે દર્શાવ્યા મુજબની શૈક્ષણિક પ્રવૃત્તિ/કાર્યક્રમો હાથ ધરી શકાશે. આ તમામ પ્રવૃત્તિઓ આવક ઊભી કરનાર ન હોઇ આ પ્રવૃત્તિઓ માટે મહેનતાણા / માનદવેતનના કોષ્ટકમાં જણાવ્યા મુજબ મહેનતાણા/માનદવેતનની જોગવાઇ વેલ્ફેર ફંડમાંથી કરવામાં આવે છે. પરંતુ આ ખર્ચ વેલ્ફેર પ્રવૃત્તિઓ માટે ઉપલબ્ધ કુલ રકમના ૨૦% થી વધી જતો હોય અને સાથે-સાથે તે પ્રવૃત્તિઓ માટે તીવ્ર માંગ પણ હોય તો શિક્ષકો/ફેકલ્ટીના મહેનતાણા/માનદવેતન, સ્કુલ-બસના વિગેરેના ખર્ચનો શક્ય હોય તેટલો હિસ્સો વેલ્ફેર ફંડમાંથી અને બાકીનો હિસ્સો લાભાર્થીઓના સૌજન્યથી પૂરો પાડવાનો રહેશે.

**૧.બાળમંદિર:-** પોલીસ એકમોમાં શાળા જીવનની શરૂઆત કરતા નાના બાળકો માટે બાળમંદિર (પ્લેગૃપ)ની સુવિધા હોવી જોઇએ. શક્ય હોય ત્યાં સુધી આ પ્રવૃત્તિ માટે સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવતી આંગણવાડીની સેવાઓનો લાભ લેવાનો રહેશે. પરંતુ જયાં સુધી આંગણવાડીની સુવિધા ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી દરેક

બાળમંદિર માટે આશરે ૧૫ થી ૪૦ બાળકો પર યોગ્ય લાયકાત ધરાવતા એક શિક્ષક અને એક આયાની નિમણૂંક કરી શકાશે. જે શક્ય હોય ત્યાં સુધી પોલીસ પરિવારમાંથી જ લેવાના રહેશે.

**૨. પોલીસના બાળકો માટેની હોસ્ટેલ:-** પોલીસ મેન્યુઅલમાં વડોદરા ખાતે પોલીસના છોકરાઓ માટેની હોસ્ટેલનો ઉલ્લેખ છે. આ એક અત્યંત મહત્વની અને ઉપયોગી પ્રવૃત્તિ હોય માત્ર વડોદરા ખાતે નહી પણ માંગ હોય તેવા તમામ એકમોમાં આ સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે. આ હોસ્ટેલના સંચાલનનો ખર્ચ લાભાર્થીઓ પાસેથી રાહત દરે હોસ્ટેલ ફી ઉઘરાવી ઉભો કરી શકાશે.

**૩. પોલીસના બાળકો માટે શિક્ષણવર્ગો (બોર્ડ પરીક્ષાઓ માટે):-** પોલીસ પરિવારના બોર્ડની પરીક્ષા આપી રહેલા બાળકોને ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોનું વધારાનું કોચિંગ મળી રહે તો તેમના પરિણામો પર સકારાત્મક અસર પડી શકે. આ માટે ઓછામાં ઓછા ૧૦ બાળકોના વર્ગ માટે ગણિત, વિજ્ઞાન, અંગેજી વિષયો માટે શિક્ષણ વર્ગો ચલાવી શકાશે. આ શિક્ષણ વર્ગો ચલાવવા માટે વેલ્ફેર ફંડમાંથી ૫૦% તથા લાભાર્થીઓ પાસેથી ફી ઉઘરાવી ૫૦% લેખે ખર્ચ ઉભો કરી શકાશે.

**૪. કોમ્પ્યુટર સેન્ટર (કોમ્પ્યુટર ક્લાસીસ/શૈક્ષણિક સાયબર કાફે/ઈ-લાઈબ્રેરી):-** પ્રત્યેક યુનિટમાં કોમ્પ્યુટર ક્લાસ, શૈક્ષણિક સાયબર કાફે તથા ઈ-લાઈબ્રેરી જેવી તમામ સુવિધા પૂરી પાડતું કોમ્પ્યુટર સેન્ટર ઉભુ કરી શકાશે. આ સેન્ટરમાં કોઈપણ ઓનલાઈન ફોર્મ પ્રતિ ફોર્મ રૂ.૨૦/- ના દરે ભરી તથા પ્રિન્ટ કરી શકાશે. ઉપરાંત પ્રતિ વ્યક્તિ રૂ.૨૦૦/- ની રીફંડેબલ ડીપોઝીટ ફી ઈ-લાઈબ્રેરીના સભ્યપદ પેટે વસૂલી આ તમામ આવક વેલ્ફેર ફંડમાં જમા કરાવી શકાશે.

**૫. પુસ્તકાલય તથા વાંચનાલય:-** પ્રત્યેક એકમમાં વિવિધ શૈક્ષણિક, સાહિત્યિક, સંદર્ભ ગ્રંથોના સંગ્રહ સાથે પુસ્તકાલયો તથા વાંચનાલયો ઉભા કરી શકાશે. યુનિટના તમામ કર્મચારીઓને પુસ્તકાલયના સભ્ય બનાવી રૂ.૨૦૦/- રીફંડેબલ સભ્ય ફી ઉઘરાવી, ઉપરાંત માંગણી આધારે જાહેર-જનતાને પણ રૂ.૫૦૦/- નોન-રીફંડેબલ સભ્ય ફી લઈ પોલીસ પુસ્તકાલયોનું સભ્યપદ આપી શકાશે. તેમજ સભ્યદીઠ બે લાયબ્રેરી કાર્ડ આપવાના રહેશે જેના પર બે પુસ્તકો લોન પેટે મળી શકશે. આ સભ્ય ફી વેલ્ફેર ફંડમાં જમા થશે. આ પ્રવૃત્તિ હેઠળ બુક-ક્લબ તથા વિવિધ વિષયો પર સંવાદો, વ્યાખ્યાનો યોજી રચનાત્મક વાંચન/ચિંતનની દિશામાં લોકોની રૂચિ કેળવાય તેવી પ્રવૃતિઓ હાથ ધરી શકાશે.

**૬. શૈક્ષણિક/સાંસ્કૃતિક પ્રવાસો:-** પોલીસ અધિકારી/કર્મચારીઓ અને તેમના પરિવારજનોને સરકારી નિયમો અનુસાર ઓન-પેમેન્ટ ધોરણે વાહન જે-તે યુનિટમાંથી ફાળવી કી.મી. દીઠ નિયત ભાવે નાણા વેલ્ફેર ફંડમાંથી ચૂકવણું કરી વર્ષમાં માત્ર એક વખત મહત્વના સાંસ્કૃતિક/શૈક્ષણિક/ઐતિહાસિક સ્થળોએ માત્ર એક દિવસ પૂરતા પ્રવાસનું આયોજન કરી શકાશે.

**૭. વિવિધ વિષયો અંગે જાગૃતિ લાવતા કાર્યક્રમો:-** પોલીસ જવાનો તથા પોલીસ પરિવારોના અંગત તેમજ વ્યવસાયિક જીવનમાં ઉપયોગી વિવિધ વિષયો અંગે જાગૃત્તિ લાવતા કાર્યક્રમો/તાલીમનું આયોજન સદર હેડ હેઠળ કરી શકાશે.

**૮. સ્કુલ-બસ:-** પોલીસ મેન્યુઅલ ભાગ-૧ નિયમ ૨૫૬(૯) મુજબ દળના સભ્યોના બાળકોને શાળાએ લાવવા અને લઈ જવા માટે સરકારી કામગીરીને કોઈ રીતે ખલેલ ન પહોંચે તેમ મોટર વાહનની સગવડ આપી શકાશે. જો કે આ સગવડ સામાન્ય રીતે યુનિટના મોટાભાગના બાળકો જ્યાં અભ્યાસ કરતા હોય તેવી અને એક જ રૂટમાં આવતી શાળાઓ માટે આપી શકાશે.

**ઉપરોકત પ્રવૃતિઓ માટે વેલ્ફેર ફંડમાંથી કરી શકાતો ખર્ચ :** ફર્નિચર, ચાર્ટસ, રમત-ગમતના સાધનો, રાઈટીંગ બોર્ડ, ઈલક્ટ્રિક/ઈલેકટ્રોનીક સાધનો, સ્ટેશનરી, બાળકોને પોષણક્ષમ નાસ્તો, કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર, જરૂરી સોફ્ટવેર, ઇ-બૂક્સ સબસ્ક્રિપ્શન, ઈન્ટરનેટ કનેક્ટિવીટી માટેના સાધનો, પુસ્તકો, સામયિકો,

સમાચારપત્રો, લાયબ્રેરી સભ્યપદ કાર્ડ, શૈક્ષણિક/સાંસ્કૃતિક પ્રવાસો માટે વાહન ઓન પેમેન્ટના દરે, કોર્ડલેસ માઇક, કોલર માઇક, પોડિયમ, પ્રોજેક્ટર, સ્ક્રીન, સ્કુલ વાહન માટે પેટ્રોલ-ડીઝલ માટેનો ખરેખર થતો ખર્ચ, સાધનોનો રીપેરીંગ ખર્ચ, સફાઇને લગત સાધનો વિગેરે સહિતનો સદર પ્રવૃતીઓને સંલગ્ન કોઇપણ ખર્ચ વેલ્ફેર ફંડમાંથી કરી શકાશે.

**(૩) આરોગ્ય તથા શારીરિક/માનસિક ફિટનેસ (વેલનેસ સેન્ટર):-**

પોલીસ કર્મચારીઓ તથા તેમના પરિવારોનું આરોગ્ય અને શારિરીક/માનસિક ફિટનેસ તે વેલ્ફેરનો એક મહત્વનો વિષય છે.આ વિષય હેઠળની વિવિધ સુવિધાઓ શક્ય હોય તો એક જ સંકુલમાં "વેલનેસ સેન્ટર" તરીકે ઉપલબ્ધ કરાવી શકાય.

**૧. દવાખાનું/સારવાર કેન્દ્ર, મેટેનરનીટી/ચાઇલ્ડ હેલ્થ સેન્ટર/કુટુંબ નિયોજન કેન્દ્ર:-** પોલીસ મેન્યુઅલની જોગવાઇ મુજબ પ્રત્યેક પોલીસ એકમમાં એક દવાખાનું પૂરતા સ્ટાફ સાથે હોવું જોઇએ. આ દવાખાના મારફતે જ મેટરનીટી/ચાઇલ્ડ કેર સેન્ટર તથા કુટુંબ નિયોજન કેન્દ્રની સેવાઓ પણ ઉપલબ્ધ કરાવી શકાશે.

**૨. મેડિકલ કેમ્પ/મેડિકલ ચકાસણી:-** સદર બાબતે પુખ્ત વિચારણાને અંતે નિર્ણય લેવામાં આવે છે કે, ૪૦ થી વધુ ઉંમર ધરાવતા તમામ કર્મચારીઓનું દર બે વર્ષે વિગતવારનું હેલ્થ ચેકઅપ કરવામા આવે અને તે માટેનો ખર્ચ વેલ્ફેર ફંડમાંથી મંજૂર કરવામાં આવે. આ હેલ્થ ચેકઅપમાં લિપિડ પ્રોફાઇલ, સીબીસી, એચ.આઇ.વી. ટેસ્ટ, ડાયાબીટીઝ, ECG, આંખ-કાનના ચેકઅપ, સોનોગ્રાફી, ચેસ્ટ એક્સ રે, ફિઝીશીયન દ્વારા ચેકઅપ તથા મહિલાઓ માટે સોનોગ્રાફી તથા મેમોગ્રાફીનો વિગેરેનો સમાવેશ કરવાનો રહેશે. આ ઉપરાંત ૪૦ થી ઓછી ઉંમરના પરંતુ કોઇ ગંભીર બિમારી ધરાવતા કર્મચારીઓનો પણ આ હેલ્થ ચેકઅપમાં સમાવેશ કરી શકાશે.

**૩. વ્યસન મુક્તિ અને પુનર્વસન કેન્દ્ર:-** અનેક પોલીસ કર્મચારીઓ વિવિધ વ્યસનોના ભોગ બની શારિરીક, માનસિક, આર્થિક અને વ્યવસાયિક રીતે ખુવાર થાય છે. આથી પ્રત્યેક યુનિટમાં વ્યસનમુક્તિ અને પુનર્વસન કેન્દ્ર કાર્યરત કરી શકાય.

**૪. જીમ:-** પોલીસ કર્મચારીઓ તથા તેમના પરિવારોનું શારિરીક સ્વાસ્થ્ય જળવાઇ રહે તે માટે દરેક એકમમાં જીમ્નેશીયમની સુવિધા ઊભી કરી શકાશે. આ સુવિધા બદલ સગવડોની સાપેક્ષમાં વ્યાજબી સભ્ય ફી રાખી શકાશે.

**૫. યોગ કેન્દ્ર, સ્ટ્રેસ મેનેજમેન્ટ કાર્યક્રમો, યોગ/ધ્યાન શિબિરો:-**પોલીસ કર્મચારીઓની માનસિક/શારિરીક તંદુરસ્તી માટે ઓપન-એર/પાકા મકાનમાં યોગ / ધ્યાન /પ્રાણાયામ કેન્દ્ર બનાવી શકાશે.

**૬. એક્યુપ્રેશર ટ્રેક્સ:-** એક્યુપ્રેશર ટ્રેક પર નિયમિત ચાલવાથી વિવિધ શારિરીક/માનસિક બિમારીઓમાં લાભદાયક પરિણામો મળતા હોવાનું ધ્યાન પર આવેલ છે. આથી પોલીસ હેડકર્વાટરનાં બગીચાઓમાં આશરે ૮૦ થી ૧૦૦ મીટર લંબાઇનાં એક્યુપ્રેશર ટ્રેક બનાવી શકાશે.

**ઉપરોકત પ્રવૃતિઓ માટે વેલ્ફેર ફંડમાંથી કરી શકાતો ખર્ચ :** ફર્નિચર, મેડિકલ સાધનો/દવાઓ, ઇલક્ટ્રિક/ઇલેકટ્રોનીક સાધનો, જીમને લગત કસરત કરવા માટેના સાધનો, સાઉન્ડ સીસ્ટમ, ફલોરીંગ મેટ, બી.એમ.આઇ. તથા બોડી ફેટ સહિતના તમામ પેરામીટર્સ માપવાનું મશીન, અરીસા, યોગામેટ, સાધનોનો રીપેરીંગ ખર્ચ, સફાઇને લગત સાધનો વિગેરે સહિતનો સદર પ્રવૃતીઓને સંલગ્ન કોઇપણ ખર્ચ વેલ્ફેર ફંડમાંથી કરી શકાશે. ઉપરાંત હેલ્થ ચેકઅપ માટે પ્રતિ વ્યક્તિ મહત્તમ રૂ.૧૦૦૦/- ચૂકવી શકાશે. બાકીનો ખર્ચ લાભાર્થીઓ, ડોકટર્સ કે અન્ય સંસ્થાઓના સૌજન્યથી અથવા સરકારી રાહે મેળવવાનો રહેશે.

**(૪) સાંસ્કૃતિક બાબતો અને મનોરંજન:-**

પોલીસ એકમોમાં પોલીસ તેમજ તેમના પરિવારજનો માટે વિવિધ ઉજવણીઓ/ઉત્સવો તથા મનોરંજન પ્રવૃત્તિઓ પોલીસ વેલ્ફેરનો મહત્વનો ભાગ છે. જે માટે નીચે મુજબની પ્રવૃત્તિઓને વેલ્ફેર પ્રવૃત્તિઓ હેઠળ સમાવવામાં આવે છે.

**૧. બાળ ઉધાન:-** પોલીસ પરિવારના બાળકો માટે રમત-ગમતના સાધન અને સેન્ડપીટ સાથેના બાળ ઉધાનો દરેક હેડકર્વાટરમાં હોવા જોઇએ.

**૨. કોમ્યુનિટી હોલ/ પાર્ટી પ્લોટ્સ:-** પોલીસ પરિવારના નાના-મોટા પ્રસંગો/મેળાવડા માટે દરેક પોલીસ એકમમાં કોમ્યુનિટી હોલ/પાર્ટી પ્લોટ્સની સુવિધા ઉભી કરી શકાય. આ સુવિધા પોલીસ પરિવાર માટે રાહત દરે ઉપલબ્ધ કરાવી તથા જાહેર-જનતાને પણ ભાડેથી આપી વેલ્ફેર ફંડમાં આવક ઊભી કરી શકાશે. હોલ ઉપરાંત મંડપ સર્વિસ તેમજ કેટરીંગના સાધનો ભાડે આપીને પણ આવક ઊભી કરી શકાશે.

**૩. ઇન્ડોર ગેમ કોમ્પ્લેક્ષ:-** દરેક પોલીસ હેડક્વાર્ટરમાં મનોરંજન માટે ઇન્ડોર ગેમ કોમ્પ્લેક્ષની સુવિધા ઇચ્છનીય છે. જેમાં સ્થળની ઉપલબ્ધતા મુજબ ટેબલ-ટેનિસ, બેડમિન્ટન, કેરમ બોર્ડ, ચેસ વિગેરે જેવી ઇન્ડોર રમતમાં સમાવિષ્ટ રમતો માટે સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાશે.

**૪. કેબલ ટીવી સર્વિસ:-** પોલીસ હેડ-ક્વાર્ટરમાં કેબલ ટીવી પ્રોવાઇડર સાથે સંકલન કરી પોલીસ પરીવારો માટે ખૂબ સસ્તા દરે કેબલ ટીવીની સુવિધા ઉપલબ્ધ કરી શકાશે. આ પ્રવૃત્તિથી જે-તે યુનિટને થતી આવક વેલ્ફેર ફંડમાં જમા કરાવવાની રહેશે.

**૫. સ્કેટીંગ રીંક:-** પોલીસ એકમોમાં જરૂરીયાત અને ઉપયોગીતા હોય તો સ્કેટીંગ રીંક બનાવી શકાશે.

**૬. ઓપન એર થિયેટર/ઓડિટોરીયમ/સાંસ્કૃતિક/મનોરંજન કાર્યક્રમો:-** પોલીસ એકમોમાં વિવિધ સાંસ્કૃતિક/મનોરંજન કાર્યક્રમો, સિનેમા-શો, વ્યાખ્યાનો, સંવાદો વિગેરેના આયોજન માટે ઓપન એર થિયેટર/ઓડિટોરીયમ હોવા ઇચ્છનીય છે. આ સુવિધા જાહેર-જનતાને પણ ભાડે આપી વેલ્ફેર ફંડમાં આવક ઉભી કરી શકાશે.

**૭. ઉત્સવો અને જાહેર ઉજવણીઓ:-** પોલીસ હેડક્વાર્ટરમાં રાષ્ટ્રીય તહેવારો, નવરાત્રી, જન્માષ્ટમી, ગણેશ ઉત્સવ,હોળી-ધુળેટી, ક્રિસમસ, ઇદ,બાળદિન, મહિલાદિન જેવા તહેવારોની ઉજવણીઓ સામાજિક જીવનનો એક મહત્વનો હિસ્સો છે અને કલ્યાણકારી પ્રવૃત્તિનો એક મહત્વનો ભાગ છે. આથી આવી ઉજવણીને વેલ્ફેર હેઠળ પ્રોત્સાહન આપવા સૂચના છે.

**ઉપરોકત પ્રવૃતિઓ માટે વેલ્ફેર ફંડમાંથી કરી શકાતો ખર્ચ :** બાળઉધાનના રમત-ગમતના સાધનો, સાધનો લગાવવા માટે તથા સેન્ડપીટ માટે પાયાનું બાંધકામ, બાંકડા, રેતી, મંડપ સર્વિસના જરૂરી સાધનો, ગાદલા, કેટરીંગના સાધનો, વિવિધ ઉજવણીઓ માટેના સજાવટના સાધનો, સાઉન્ડ સિસ્ટમ, ઇન્ડોર રમતના સાધનો, કેબલ ટી.વી. ઇન્સ્ટોલેશન માટેના જરૂરી ખર્ચ, સ્કેટીંગ શીખવવા કોન, સાંસ્કૃતિક/મનોરંજન કાર્યક્રમોના આયોજનને લગતા ખર્ચ, ઇલક્ટ્રિક/ઇલેકટ્રોનીક સાધનો, જરૂરી ફર્નિચર, સાધનોનો રીપેરીંગ ખર્ચ, સફાઇને લગત સાધનો વિગેરે સહિતનો સદર પ્રવૃતીઓને સંલગ્ન કોઇપણ ખર્ચ વેલ્ફેર ફંડમાંથી કરી શકાશે. જોકે કોઇપણ પ્રકારની ખાણી-પીણીઓ/ભોજન સમારંભ જેવા ખર્ચ વેલ્ફેર ફંડમાં પાડી શકાશે નહી. પરંતુ બાળદિન ઉજવણી જેવા બાળકોને સંલગ્ન કાર્યક્રમોમાં રૂ.૫૦૦/- ની મર્યાદામાં ચોકલેટ વિગેરેનું વિતરણ તથા બાળકોના વિવિધ કાર્યક્રમો માટે નાના મોટા પ્રોત્સાહન ઇનામોનો ખર્ચ વેલ્ફેર ફંડમાંથી કરી શકાશે.

**(૫) પર્યાવરણ અને સૌંદર્યીકરણ તથા સફાઇ અને વેસ્ટ મેનેજમેંટ (ક્લીન કેમ્પ, ગ્રીન કેમ્પ, વેસ્ટ ઇઝ બેસ્ટ):-**

પોલીસ હેડક્વાર્ટર્સ સ્વચ્છ અને હરિયાળા હોવા જ જોઇએ. આદર્શરૂપે જે-તે સ્થળના પોલીસ હેડક્વાર્ટર્સ ત્યાંના સૌથી હરિયાળા વિસ્તારો તરીકે પોતાની ઓળખાણ સ્થાપિત કરે તે ઇચ્છનીય છે. આથી પોલીસ કેમ્પસમાં સ્વચ્છતાનું અત્યંત ઉચ્ચ સ્તર જળવાય અને ઉત્કૃષ્ટ રીતે પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન થાય તે માટે પર્યાવરણને વેલ્ફેરનો મહત્વનો હિસ્સો ગણી''ક્લીન કેમ્પ, ગ્રીન કેમ્પ''તથા "વેસ્ટ માંથી બેસ્ટના" ના મોટો અપનાવી આ દિશામાં ગંભીરતાપૂર્વક કામગીરી હાથ ધરવા સૂચના છે. આ ક્ષેત્રમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરી શકાશે.

**૧. બાગ-બગીચા:-** પોલીસ કેમ્પસમાં વિવિધ સ્થળોએ લોન, ફૂલ છોડ તથા વૃક્ષો વાવી, બાંકડાઓ અને ઘુમટીઓ સાથેના સુંદર બાગ-બગીચા વિકસાવવાના રહેશે.

**૨. મિયાવાકી જંગલો:-** પ્રત્યેક ચોમાસામાં દરેક પોલીસ એકમને મોટાપાયે વૃક્ષારોપણના લક્ષ્યાંકો મળે છે. પરંતુ આવા વૃક્ષારોપણની સફળતાનો દર ખૂબ નીચો રહે છે. આથી પોલીસ કેમ્પસમાં મિયાવાકી પધ્ધતિથી વૃક્ષારોપણ કરવામાં આવે તો ૯૦% થી વધુ સફળતા સાથે માત્ર ૧.૫ થી ૨ વર્ષના ગાળામાં નાના-નાના ગાઢ જંગલો ઉભા કરી શકાય. આથી દરેક પોલીસ કેમ્પસમાં મિયાવાકી પધ્ધતિથી વૃક્ષારોપણ હાથ ધરી ગુજરાત પોલીસના 'મિશન મિયાવાકી' અભિયાનને યુનિટ તથા સેન્ટ્રલ વેલ્ફેર ફંડ ઉપરાંત સુરક્ષા સેતુ હેઠળ પણ પ્રોત્સાહિત કરવા સૂચના છે.

**૩. બટરફ્લાય અને બાયો ડાયવર્સીટી પાર્કસ:-** પોલીસ એકમો પાસે તેમની પોતાની માલિકીની સુરક્ષિત વિશાળ જગ્યાઓ હોઇ નષ્ટ થતી જતી દેશી નસલના વૃક્ષો તથા વિવિધ ફૂલ-છોડ વાવી બટરફ્લાય અને બાયો ડાયવર્સીટી પાર્કસ ઉભા કરી શકાય. જે પર્યાવરણ માટે લાભકારક હોવા ઉપરાંત જે-તે સ્થળ માટે આકર્ષણના કેન્દ્રો બની શકે છે. આ રીતે પોલીસ કેમ્પસ નષ્ટ થતા જતા વૃક્ષો ઉપરાંત દુર્લભ થતા જતા વિવિધ પક્ષીઓ તથા પતંગિયાની અસંખ્ય પ્રજાતિઓના સંરક્ષણના કેન્દ્રો બની શકે. ઉપરાંત આવા વાતાવરણથી કેમ્પસના રહેવાસીઓના શારિરીક/માનસિક સ્વાસ્થ્યમાં પણ નોંધપાત્ર સુધારો થઈ શકે. આથી આવી પ્રવૃત્તિઓને વેલ્ફેર હેઠળ પ્રોત્સાહન આપવા સૂચના છે.

**૪. જૈવિક ફળો/ શાકભાજીની ખેતી:-** પોલીસ કેમ્પસમાં શાકભાજી તથા ફળોની ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપી કેમ્પના રહેવાસીઓ માટે આરોગ્યપ્રદ ખોરાક જાતે ઉત્પન્ન કરી શકાય અને સસ્તા દરે તેના વેચાણથી વેલ્ફેર ફંડમાં આવક ઉભી કરી શકાય. આથી વેલ્ફેર હેઠળ ફ્રૂટ ગાર્ડન તથા જૈવીક શાકભાજીની ખેતીને પ્રોત્સાહિત કરવા સૂચના છે.

**૫. નર્સરી:-** મોટાપાયે વૃક્ષારોપણ માટે જરૂરી છોડ જાતે તૈયાર કરી શકાય તે માટે યુનિટની પોતાની નર્સરી ઉભી કરી શકાય અને આ રીતે ફોરેસ્ટ નર્સરી પરનુ અવલંબન અને ખાનગી નર્સરીમાંથી છોડની ખરીદી પાછળ થતો ખર્ચ ઓછો કરી શકાય છે. આ ઉપરાંત અન્ય પોલીસ એકમો તથા જાહેર જનતાને પણ જરૂરીયાતના સમયે છોડ ઉપલબ્ધ કરાવી શકાશે.

**૬. કેમ્પ વિસ્તારની સાયકલ સર્વિસ:-** પોલીસ કેમ્પસમાં સાયકલ/ઇ-સાયકલ સર્વિસને વેલ્ફેર હેઠળ પ્રોત્સાહન આપવા સૂચના છે. આનાથી કેમ્પનું વાતાવરણ સ્વચ્છ રહેવા ઉપરાંત કર્મચારીઓના આરોગ્ય પર પણ સકારાત્મક અસરો પડશે. સાયકલ ક્લબ બનાવી આ સાયકલ/ઇ-સાયકલ જરૂરીયાત પ્રમાણે ભાડુ વસુલ કરી વાપરી શકાશે.

**૭. રિસાયકલ્ડ પાર્ક:-** પોલીસ એકમોમાં મોટાપાયે કન્ડેમ થયેલા ટાયરો, પાઇપો, સળિયા, લગ, એન્ગલો વિગેરે જેવું વેસ્ટ મટીરીયલ બહોળા પ્રમાણમાં હોય છે અને તેનાથી જગ્યાનો વ્યય અને ગંદકી થાય છે. આવા વેસ્ટ મટીરીયલમાંથી બાળકો માટે રિસાયકલ્ડ પાર્ક બનાવી શકાશે.

**૮. RO ના વેસ્ટ વોટરથી બનાવેલા કૃત્રિમ તળાવો:-** લગભગ દરેક પોલીસ એકમમાં ખૂબ મોટી ક્ષમતાના આર.ઓ. પ્લાન્ટ કાર્યરત છે. આ પ્લાન્ટમાંથી દરરોજનું હજારો લિટર વેસ્ટ વોટર ગટરમાં વહી જાય છે અને આ રીતે મોટા પ્રમાણમાં શુધ્ધ પાણીનો વ્યય થાય છે. જે ટાળવા આર.ઓ. પ્લાન્ટની નજીકની જગ્યાએ નાનુ કૃત્રિમ તળાવ બનાવી આર.ઓ. ના વેસ્ટ વોટરને આ તળાવમાં સંગ્રહ કરી લોન, ફૂલ છોડ તેમજ વૃક્ષો સાથેનાં સુંદર બગીચા વિકસાવવા માટે ઉપયોગમાં લેવા સૂચના છે.

**૯. વેસ્ટ મેનેજમેન્ટ (જૈવિક તેમજ પ્લાસ્ટિક કચરાનો નિકાલ) તથા S.T.P :-** જૈવિક, પ્લાસ્ટીક તથા અન્ય કચરાનો નિકાલ દરેક પોલીસ કેમ્પસ માટે એક મહત્વનો પ્રશ્ન છે. જેના યોગ્ય નિરાકરણને અભાવે મોટાભાગના પોલીસ કેમ્પસમાં સફાઇનું યોગ્ય સ્તર જળવાતુ નથી. આ સમસ્યાના નિરાકરણ માટે યોગ્ય વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ અસ્તિત્વમાં હોવી અત્યંત જરૂરી છે. આથી દરેક પોલીસ કેમ્પસમાં કિચન વેસ્ટ, ખરતાં પાંદડા તથા સૂકા ઘાસ વિગેરે ઓર્ગેનિક કચરાના નિકાલ માટે ઓર્ગેનિક કમ્પોસ્ટર પ્લાન્ટ તથા પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ માટે બેઈલિંગ પ્રેસ મશીનો વસાવી શકાશે. આ સુવિધાથી ઓર્ગેનિક કચરાના નિકાલ ઉપરાંત વૃક્ષારોપણ અને ખેતી માટે ઉપયોગી ખાતર મળી શકશે અને પ્લાસ્ટિક કચરાને કમ્પ્રેસ કરી તેનું પણ વેચાણ કરી રોકડ આવક અથવા પ્લાસ્ટિકની અવેજીમાં પેવર બ્લોક, બાંકડાઓ, ડાયનીંગ ટેબલ-ખુરશી વિગેરે જેવી વસ્તુઓ મેળવી શકાશે. ઉપરાંત દરેક પોલીસ કેમ્પસમાં વપરાતા રોજના હજારો લિટર પાણીને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા ટ્રીટ કરી કેમ્પના વૃક્ષો તથા બાગ-બગીચા માટે ઉપયોગમાં લેવામાં આવે તો ચોખ્ખા પાણીનો વ્યય ઘટાડી રીસાઇકલ્ડ પાણીથી મોટાપ્રમાણમાં સિંચાઈ કરી શકાય. આથી શકય હોય ત્યાં અસરકારક સુએઝ વોટર ટ્રીટમેન્ટ અને ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ ઊભી કરવા સૂચના છે.

**ઉપરોકત પ્રવૃતિઓ માટે વેલ્ફેર ફંડમાંથી કરી શકાતો ખર્ચ :** ફોરેસ્ટની નર્સરીમાં ન મળી શકાતા હોય તેવા જ ફૂલ-છોડની ખરીદી, બાંકડા, ઘૂમટી, ખાતર/દવાઓ, બિયારણ, છોડ માટે પ્લાસ્ટીકની બેગ, સાઇકલો તેમજ સાઇકલ સ્ટેન્ડ, રેતી, સેન્ડપીટ, બાંકડા, બાળઉદ્યાનોના સાધનોનું ફાઉન્ડેશન, ફેબ્રિકેશન, કૃત્રિમ તળાવ માટે પાઇપ-લાઇન, ફૂવારા ફીટીંગ, ઓર્ગેનિક કમ્પોસ્ટર, કચરાની હેરફેર માટે ટ્રાયસિકલ, કચરાપેટીઓ, બેઈલિંગ પ્રેસ મશીન, સાધનોનો રીપેરીંગ ખર્ચ, સફાઇને લગત સાધનો વિગેરે. જો કે બેઇલીંગ પ્રેસ મશીન જેવા ખર્ચ સુરક્ષા સેતુ હેઠળ પણ કરી શકાય અને કેમ્પ ઉપરાંત બહારના પ્લાસ્ટીક કચરાનો નિકાલ પણ કરી શકાય. STP પોલીસ આવાસ નિગમ દ્વારા બાંધીને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જો કે જ્યા STP બનાવવામાં આવેલ ન હોય ત્યાં વેલ્ફેરની સત્તામર્યાદામાં ઇન્સ્ટોલ કરી શકાતા નાના-પાયાના STP વેલ્ફેર મોનીટરીંગ કમિટીની મંજૂરીથી વેલ્ફેર ફંડમાંથી ખર્ચ કરીને પણ ઊભા કરી શકાશે. મિયાવાકી વૃક્ષારોપણ માટે જમીન ખોદવા જે.સી.બી. નો ખર્ચ ઉપરાંત વિસ્તાર પ્રમાણે નિયત માત્રામાં જૈવિક ખાતર, કોકોપીટ, ડાંગરનો ખોળ, વૃક્ષારોપણ માટે ખાડા ખોદવાનુ મશીન, ટેકા માટે વાંસની પટ્ટીઓ વિગેરેનો તથા ફોરેસ્ટ નર્સરીમાં ઉપલબ્ધ ન હોય તેવા છોડનો ખર્ચ કરી શકાશે. જો કે કોકોપીટ શક્ય હોય ત્યા સુધી જૂથ-૦૨ ખાતેથી મેળવવાનું રહેશે.

**(૬) રોજગાર અને કૌશલ્યવર્ધન:-**

પોલીસ પરિવારના સભ્યોને રોજગાર તથા કૌશલ્યવર્ધન માટે યોગ્ય તાલીમ તથા તક મળે તે એક મહત્વની કલ્યાણકારી પ્રવૃત્તિ છે. આ માટે નીચે મુજબના કાર્યક્રમો વેલ્ફેર હેઠળ ચલાવવા મંજૂરી આપવામાં આવે છે.

**૧. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેના કોચિંગ કલાસ:-**પોલીસ પરિવારના બાળકોને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે કોચિંગ/વ્યાખ્યાનો આપી શકાશે.

**૨. વોકેશનલ ટ્રેનીગ:-** પોલીસ પરિવારના બાળકો સ્વ-નિર્ભર બને તે માટે સિવણ-ભરતગૂંથણ, પ્લમ્બીંગ, ઈલેકટ્રીશીયન, વાહન મીકેનીક, કડીયાકામ, કોમ્પ્યુટર તાલીમ, બ્યુટીપાર્લર, મધમાખી ઉછેર, કલરકામ, રસોઇ કામ જેવી વિવિધ રોજગાર લક્ષી તાલીમ અતિ ઉપયોગી સિધ્ધ થઈ શકે. આથી આ સંબધી પ્રવૃતિઓ કરી શકાશે.

**૩. ગૃહ ઉધોગ/ સ્વ-સહાય જૂથો:-** પોલીસના પરિવારજનો માટે જરૂરીયાત અને માંગણી મુજબના ગૃહ ઉદ્યોગ અને સ્વ-સહાય જૂથો ઊભા કરી રોજગારીની તકો ઊભી કરી શકાય. આ હેડ હેઠળ સિવણ-ભરતગૂંથણ, અથાણા પાપડ વિગેરેનું ઉત્પાદન, બ્યુટીપાર્લર, મધમાખી ઉછેર, હસ્તકલાઓ જેવી પ્રવૃત્તિઓ કરી શકાય. સદર પ્રવૃત્તિઓમાંથી થતી આવકનો ૨૫% હિસ્સો વેલ્ફેર ફંડમાં જમા કરાવવાનો રહેશે.

**૪. પોલીસ બાળકોનું બેન્ડ/ઓરકેસ્ટ્રા:-** પૂરતી સંખ્યા મળે ત્યાં દરેક એકમોમાં શરૂ કરવા સૂચના છે. જાહેર જનતા માટે પોલીસ બેન્ડને સમકક્ષ ભાડેથી ઉપલબ્ધ કરાવી ૨૫% આવક વેલ્ફેર ફંડમાં, ૨૫% બેન્ડ ફંડમાં તેમજ બાકીની આવક બેન્ડના સભ્યોમાં વહેંચણી કરી રોજગારી આપી શકાશે.

**૫. બાળસંભાળ કેન્દ્ર:-** વર્તમાન સમયમાં પોલીસ વિભાગમાં મોટા પ્રમાણમાં મહિલાઓ કાર્ય કરી રહી છે.આવા સંજોગોમાં પ્રત્યેક પોલીસ હેડકર્વાટરમાં નોકરી કરતાં માતા-પિતાની ગેરહાજરીમાં તેમનાં બાળકોની સંભાળ લઇ શકે તેવુ બાળસંભાળ કેન્દ્ર કે ઘોડિયાઘર હોવુ અત્યંત ઇચ્છનીય છે.જેનુ સંચાલન શક્ય હોય ત્યા સુધી પોલીસ પરિવારોની બહેનો દ્વારા જ થવુ જોઇએ.

**ઉપરોકત પ્રવૃતિઓ માટે વેલ્ફેર ફંડમાંથી કરી શકાતો ખર્ચ :** ફર્નિચર, રાઈટીંગ બોર્ડ, ઇલક્ટ્રિક/ઇલેકટ્રોનીક સાધનો, સ્ટેશનરી, જે-તે વોકેશનલ ટ્રેનીંગ/ગૃહ ઉધોગને લગત સાધનો, બેન્ડ/ઓરકેસ્ટ્રાના સાધનો/તાલીમ ખર્ચ, બેન્ડનો યુનિફોર્મ, બાળસંભાળ કેન્દ્ર માટે રમકડા, બાળસંભાળના સાધનો, ગાદલા, ચાદર, ઓશિકા, પડદા વિગેરે, સાધનોનો રીપેરીંગ ખર્ચ, સફાઇને લગત સાધનો વિગેરે સહિતનો સદર પ્રવૃતિઓને સંલગ્ન કોઇપણ ખર્ચ વેલ્ફેર ફંડમાંથી કરી શકાશે.

**(૭) અન્ય સુવિધાઓ:-**

**૧. પોલીસ કલબ / યુનિટ ગેસ્ટ હાઉસ :-** રાજ્યના મહત્વના શહેરો/જગ્યાઓથી શરૂ કરી દરેક પોલીસ એકમ તથા એસ.આર.પી. જૂથ ખાતે તબક્કાવાર પોલીસ કલબો બનાવવાની બાબત વિચારણા હેઠળ છે. જેમાં કોન્સ્ટેબલથી ડીજીપી કક્ષા સુધીના અધિકારીઓ માટે હોદ્દાને અનુરૂપ અને જરૂરીયાત મુજબ દરેક જિલ્લા/શહેરમાં પોલીસની પોતાની રહેવા/જમવાની વ્યવસ્થા રાહત દરે ઉભી કરી શકાય. આ સ્થળો પોલીસ અધિકારી/કર્મચારીઓના મેળાવડા, સામાજિક પ્રસંગો માટે પણ ઉપયોગી થઈ શકે અને અન્ય લોકોને પણ આ સુવિધાઓનો લાભ આપી સંચાલનનો ખર્ચ એકત્ર કરી શકાય.આથી જે એકમો આ સુવિધા ઊભી કરવા માંગતા હોય તેમણે પોતાની દરખાસ્ત ડીજીપીશ્રીની કચેરીને મોકલી આપવાની રહેશે.

**૨. રમત-ગમતના મેદાનો:-** અનેક પોલીસ એકમો પાસે ફૂટબોલ, ક્રિકેટ, વોલીબોલ વિગેરે રમતના મેદાનો ઉપલબ્ધ છે. આ મેદાનોને વિવિધ રમતોની ટૂર્નામેન્ટ માટે જાહેર જનતાને ભાડે આપી શકાશે અને આ આવક વેલ્ફેર ફંડમાં જમા કરાવવાની રહેશે.

**૩. <u>નિવૃત્ત થતાં કર્મચારી માટે મોમેન્ટો/ભેટ:</u>–** પ્રત્યેક નિવૃત થતાં અધિકારી/કર્મચારીને વેલ્ફેર ફંડમાંથી રૂ.૧૦૦૦/– ની મર્યાદામાં એક મોમેન્ટો/ભેટ આપી શકાશે.

**<u>ઉપરોકત પ્રવૃતિઓ માટે વેલ્ફેર ફંડમાંથી કરી શકાતો ખર્ચ</u> :** ફર્નિચર, ક્રોકરી, ઇલેક્ટ્રીક/ઇલેક્ટ્રોનિક સાધનો, બાથરૂમ કીટ્સ તથા રૂમ મેન્ટેઇન્સ સંબંધિત તમામ ખર્ચાઓ, ગાદલા, ચાદર, ઓશિકા, પડદા વિગેરે, મેદાનોમાં વિવિધ રમતોની સુવિધા ઉભી કરવા તથા મેદાનની ફ્લડ લાઇટ, મેદાનોના મેન્ટેઇન્સ, રૂ.૧૦૦૦/– ની મર્યાદામાં મોમેન્ટો / ભેટ, સાધનોનો રીપેરીંગ ખર્ચ, સફાઇને લગત સાધનો વિગેરે સહિતનો સદર પ્રવૃતીઓને સંલગ્ન કોઇપણ ખર્ચ વેલ્ફેર ફંડમાંથી કરી શકાશે.

**<u>વિવિધ વેલ્ફેર પ્રવૃતિઓ માટે નીચે મુજબ માનદ વેતન / મહેનતાણા નકકી કરવામાં આવે છે :–</u>**

| અનુ | પ્રવૃત્તિ | લાભાર્થીઓની સંખ્યા | માનદ વેતન મહેનતાણુ/ (મહત્તમ રકમ) |
|---|---|---|---|
| ૦૧ | બાળમંદિર | ૧૫ થી ૪૦ બાળકો | શિક્ષક રૂ.૪૦૦૦/– પ્રતિ માસ<br>આયા રૂ.૨૫૦૦/– પ્રતિ માસ |
| ૦૨ | શિક્ષણ વર્ગ (બોર્ડ પરીક્ષા માટે) માત્ર ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષય માટે | ઓછામાં ઓછા ૧૦ બાળકોના વર્ગ | વિષય દીઠ માસિક રૂ.૩૦૦૦/– |
| ૦૩ | યોગ કેન્દ્ર, સ્ટ્રેસ મેનેજમેન્ટ કાર્યક્રમો, યોગ/ધ્યાન શિબિરો | ઓછામાં ઓછા ૧૦૦ | સ્પીપા/દૂરદર્શનના દરથી માનદવેતન. |
| ૦૪ | સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચિંગના કલાસ | ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ | નિયમીત શિક્ષક રૂ.૫૦૦૦/– પ્રતિ માસ અને સ્પીપા/ દૂરદર્શનના દરથી વ્યાખ્યાતાઓ માટે માનદવેતન. |
| ૦૫ | બાળસંભાળ કેન્દ્ર | ૧૫–૨૦ બાળકો | આયા રૂ.૨૫૦૦/– પ્રતિ માસ |
| ૦૬ | સ્કેટિંગ રીંક (મહિના માટે વર્ષમાં વધુમાં વધુ બે) | ઓછામાં ઓછા ૧૦ બાળકો | ઇન્સ્ટ્રકટર રૂ. ૧૫૦૦/– પ્રતિ માસ |
| ૦૭ | વ્યસનમુક્તિ અને પુનર્વસન કેન્દ્ર (પ્રતિ માસની ચાર વીજીટ માટે) | ઓછામાં ઓછા ૦૨ | મનોચિકીત્સક દ્વારા ચેકઅપ –ફોલોઅપ માટે/ પ્રવર્તમાન સરકારી દરથી મહેનતાણું |

**<u>વેલ્ફેર ફંડમાંથી થતાં ખર્ચ સંબંધી સામાન્ય સૂચનાઓ :</u>**

**(૧)** વેલ્ફેર પ્રવૃતિઓ માટે મકાન શક્ય હોય ત્યાં સુધી પોલીસ આવાસ નિગમ દ્વારા ફિક્સ ફર્નિચર સાથે બનાવી શકાશે અથવા કોઇપણ રહેણાંક / બિન રહેણાંક મકાનનો ઉપયોગ કરી શકાશે. આ ઉપરાંત સ્કેટીંગ રીંક, કૃત્રીમ તળાવો, બગીચાની ક્યારીઓ, ઘુમટીઓ, એક્યુપ્રેસર ટ્રેક, ઓપન એર કાફેટેરીયા, જરૂરી ફેન્સીંગ વિગેરે જેવા નાના–મોટા બાંધકામો/ચણતર માટે વેલ્ફેર ફંડમાંથી સત્તા મર્યાદામાં ખર્ચ કરી શકાશે.

(૨) ઉપર દર્શાવેલ વિષયો અને પ્રવૃતિઓ સંબધિત કોઇપણ ખર્ચ વેલ્ફેર ફંડમાંથી કરી શકાશે. તે જ રીતે ઉપર દર્શાવેલ વિષયો અને પ્રવૃતિઓમાંથી થતી કોઇપણ આવક પણ વેલ્ફેર ફંડમાં જ જમા કરાવવાની રહેશે. જો કે

તમામ પ્રવૃતિઓ વેલ્ફેર પ્રવૃતિઓ હોય તેને રાહતદરે અને બજારથી સસ્તા ભાવે ઉપલબ્ધ કરાવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૩) કોઇ એક જ પ્રવૃતિ કે હેડ હેઠળ અમર્યાદિત ખર્ચ કરી વેલ્ફેર ફંડ તથા પ્રવૃત્તિઓનું સંતુલન ન બગડે તે માટે દરેક હેડ હેઠળ મહત્તમ ખર્ચની ટકાવારી નકકી કરવામાં આવે છે. જે મુજબ કોઇપણ વર્ષમાં મે મહિનામાં વેલ્ફેર ફાળો જમા થયા બાદ ઉપલબ્ધ કૂલ ફંડના મહત્તમ ૫૦% રકમ વિવિધ વેલ્ફેર પ્રવૃત્તિઓ માટે ખર્ચ કરી શકાશે. જયારે બાકીની ૫૦% રકમ વિવિધ લોન, સહાય, શિષ્યવૃતિ, ઇનામ વિગેરે માટે સિલક રાખવાની રહેશે. વેલ્ફેર પ્રવૃત્તિઓ માટે ઉપલબ્ધ ૫૦% રકમ પણ કોઇ એક જ પ્રવૃત્તિ કે વિષય પાછળના ખર્ચાઇ ન જાય તે માટે ઉપર દર્શાવેલ કુલ-૦૭ વિષયો પૈકી કોઇપણ એક વિષય પર વેલ્ફેર પ્રવૃતિઓ માટે કુલ ઉપલબ્ધ રકમના મહત્તમ ૨૦% રકમથી વધુ ખર્ચ કરી શકાશે નહી. (અર્થાત કુલ ફંડના ૧૦% રકમથી વધુ ખર્ચ કરી શકાશે નહી) જો કે વ્યાજબી કારણોની નોંધ કરીને યુનિટ સ્તરની વેલ્ફેર મોનીટરીંગ કમિટી વધુમાં વધુ કોઇ એક વિષયને ફાળવાયેલ તમામ કે અંશતઃ રકમ અન્ય વિષયને તબદીલ કરી શકશે. આથી વધુ રકમ એક વિષયમાંથી બીજા વિષયમાં તબદીલ કરવા સેન્ટ્રલ વેલ્ફેર મોનીટરીંગ કમિટીની મંજૂરી લેવાની રહેશે.

(૪) આમ હાલમાં ઉપર મુજબ કુલ-૭ વિષયો હેઠળ લગભગ ૫૦ જેટલી વેલ્ફેર પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવેલ છે. જો કે, આ સિવાયની મોટાભાગના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે ઉપયોગી હોય તેવા કોઇપણ જાહેર કામ, પ્રવૃત્તિ માટે અન્ય કોઇપણ હેડમાં ખર્ચ પાડી શકાતો ન હોય તેને સેન્ટ્રલ વેલ્ફેર મોનીટરીંગ કમીટીની મંજૂરી મેળવી વેલ્ફેર હેઠળ સમાવી શકાશે.

(૫) કોઇ એકમ વેલ્ફેર વિષયો પૈકી કોઇ વિશેષ પ્રવૃતિ હાથ ધરવા માંગતું હોય અને તે માટે પૂરતુ ફંડ ઉપલબ્ધ ન હોય તો વિધિવત દરખાસ્ત કરી સેન્ટ્રલ વેલ્ફેર ફંડમાંથી મહત્તમ રૂ.૨૫,૦૦,૦૦૦/- સુધીના ફંડની માંગણી કરી શકશે. આવી દરખાસ્તોને સેન્ટ્રલ વેલ્ફેર મોનીટરીંગ કમિટીની મંજૂરીથી સંપૂર્ણ કે આંશિક બહાલી આપી શકાશે.

(૬) પ્રત્યેક એકમને તેના વેલ્ફેર ફાળા કપાતથી મેળવેલ કુલ રકમના ૨૫% રકમ દર વર્ષે સેન્ટ્રલ વેલ્ફેર ફંડમાંથી ગ્રાન્ટ ઇન એડ તરીકે ફાળવવામાં આવશે. જે માટે દરેક એકમે જમા થયેલ ફાળાની વિગતો સાથે દર વર્ષના જૂન મહિનામાં પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીને દરખાસ્ત કરવાની રહેશે.

(૭) શોપીંગ મોલ, વેલ્ફેર સેન્ટર, કમ્યુનીટી હૉલ જેવા વેલ્ફેર પ્રવૃતિઓ માટે વપરાતા મકાનો કે જેનું વીજળી બીલ વેલ્ફેર ફંડમાંથી ભરવાપાત્ર હોય તેની ઉપર સોલાર પેનલો લગાવવાનો ખર્ચ વેલ્ફેર ફંડમાંથી કરી શકાશે.

(૮) જો કે ઉપરોકત તમામ પ્રવૃતિઓ માટે જો કોઇ બીજા હેડમાં ખર્ચ ન પાડી શકાતો હોય તો જ વેલ્ફેર ફંડમાંથી ખર્ચ કરવાનો રહેશે. ઉપરાંત આવી તમામ પ્રવૃતિઓ માટે શક્ય હોય તો સરકારી યોજનાઓ હેઠળ મળતી સહાયનો ઉપયોગ કરવાનો રહેશે. ઓદ્યોગિક એકમો દ્વારા સી.એસ.આર. હેઠળ થઇ શકતા કામો કરાવી શકાશે. સ્વૈચ્છિક સંસ્થાઓ/નાણાકીય સંસ્થાઓ જેવી કે, કો.ઓ.સો./સહકારી બેન્કો/નેશનલ બેન્કો/લીમીટેડ કંપનીઓ પાસેથી સ્વૈચ્છિક રીતે મદદ સ્વીકારી વેલ્ફેર અંતર્ગત કામો કરાવી શકાશે. જો કે કોઇપણ વેલ્ફેર પ્રવૃતિ માટે કોઇની પણ પાસેથી રોકડ રકમ લઇ શકાશે નહી.

**(૯) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા કોઇપણ પોલીસ એકમની મુલાકાત દરમિયાન નોંધપાત્ર વેલ્ફેર કામગીરી થયેલ જણાય તો તેઓશ્રી સેન્ટ્રલ વેલ્ફેર ફંડમાંથી રૂ.૫,૦૦,૦૦૦/- સુધીની રકમ જે તે એકમના વેલ્ફેર ફંડમાં પ્રોત્સાહન ફાળા તરીકે ફાળવી શકશે.**

## (બ) પોલીસ વેલ્ફેર હેઠળ મળતી વિવિધ સહાયો:-

પોલીસ વેલ્ફેર ફંડમાંથી અધિકારી/કર્મચારીઓને ચશ્મા સહાય, દાંતના ચોકઠા સહાય, તેજસ્વી બાળકોને શિષ્યવૃત્તિ તથા ઇનામ સહાય આપવાની જોગવાઈઓ અસ્તિસ્ત્વમાં છે. હાલમાં અપાતી ચશ્મા સહાય તેમજ દાંતના ચોકઠા સહાયમાં નીચે દર્શાવ્યા મુજબનો વધારો કરવામાં આવે છે.

| (અ)<br>અ.નં | (બ)<br>સહાયનો પ્રકાર | (ક)<br>હાલમાં મળતી સહાય | (ડ)<br>કરવામાં આવેલ સુધારો |
|---|---|---|---|
| ૧ | ચશ્મા સહાય | રૂ.૨૦૦૦/- (દર ત્રણ વર્ષે) | દર બે વર્ષે – રૂ.૫૦૦૦/- |
| ૨ | દાંતના ચોકઠા | રૂ.૪૦૦૦/- (આજીવન એક વાર) | રૂ.૧૦,૦૦૦/- (આજીવન એક વાર) |

હાલમાં પોલીસ પરિવારના તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ તથા ઇનામ બંને મળે તે રીતની જોગવાઇ અસ્તિત્વમાં છે. તેના બદલે હવેથી શિષ્યવૃતિની તમામ જોગવાઇ રદ કરવામાં આવે છે અને ધોરણ-૬ થી અનુસ્નાતક કક્ષાના અભ્યાસમાં સારો દેખાવ કરવા બદલ નીચેના ટેબલમાં દર્શાવ્યા મુજબ ઇનામ આપવા નિર્ણય કરવામાં આવેલ છે. આ ઉપરાંત આજદિન સુધી તમામ ઇનામો/ શિષ્યવૃતિ યુનિટ વેલ્ફેર ફંડમાંથી ચૂકવવામાં આવી રહેલ હતા. જેને બદલે હવેથી ઇનામની તમામ રકમ સેન્ટ્રલ વેલ્ફેર ફંડમાંથી ચૂકવવામાં આવશે. આથી તમામ એકમોએ વર્ષ દરમ્યાન સદર ઇનામો માટેની અરજીઓ મેળવી, તેની ચકાસણી કરી લાયક ઉમેદવારોને યુનિટ વેલ્ફેર ફંડમાંથી ઇનામની રકમ ચૂકવવાની રહેશે.

**ઇનામ:-**

| અ.નં | ધોરણ | ચૂકવવાપાત્ર ઇનામની રકમ |
|---|---|---|
| ૧ | ધોરણ ૬ થી ૯ તથા ૧૧ તથા સર્ટીફિકેટ કોર્સમાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી | ૮૦% થી વધારે = રૂ.૨૫૦૦/- |
| ૨ | ધોરણ ૧૦ માં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી | (૧) ૮૦% થી ૮૫% = રૂ.૫૦૦૦/-<br>(૨) ૮૫.૧% થી ૯૦% = રૂ.૭૫૦૦/-<br>(૩) ૯૦.૧% થી ૯૫% =રૂ.૧૦,૦૦૦/-<br>(૪) ૯૫.૧% થી વધુ = રૂ.૧૫,૦૦૦/- |
| ૩ | ધોરણ ૧૨ માં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થી | (૧) ૮૦% થી ૮૫% = રૂ.૫૦૦૦/-<br>(૨) ૮૫.૧% થી ૯૦% = રૂ. ૭૫૦૦/-<br>(૩) ૯૦.૧% થી ૯૫% = રૂ.૧૦,૦૦૦/-<br>(૪) ૯૫.૧% થી વધુ = રૂ. ૧૫,૦૦૦/- |

**ગ્રેજ્યુએશન /પોસ્ટ ગ્રેજ્યુએશન કક્ષા માટે ઈનામો :-**

| | | |
|---|---|---|
| ૪ | હ્યુમેનિટીસ/કોમર્સ/ મેનેજમેન્ટ/ લો/ સાયન્સ/ લીબરલ આર્ટ્સ/ કોમ્પ્યુટર એપ્લીકેશન વિગેરે પ્રકારના ધો.૧૨ પછીના અભ્યાસક્રમોમાં | ૬૫% કે તેથી ઉપર રૂ. ૧૦,૦૦૦/- |
| ૫ | અન્ડર ગ્રેજ્યુએશનના ટેકિનકલ/પ્રોફેશનલ અભ્યાસક્રમો (BE/ BTECH/ MBBS/ Bpharm / આયુર્વેદ/ હોમિયોપેથી વિગેરે) અભ્યાસક્રમોમાં | ૬૦% કે તેથી રૂ. ૧૦,૦૦૦/ – |
| ૬ | ME/MTECH/MS/ ચાર્ટડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, કોસ્ટ એકાઉન્ટીંગ MBA વિગેરે પ્રોફેશનલ કોર્ષ, સંશોધન (PHD) વિગેરેમાં અભ્યાસક્રમોમાં | ૫૫% કે તેથી વધુ ગુણ રૂ. ૧૦,૦૦૦/- |

ધોરણ-૧૨ પછીના ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન કક્ષા માટેના ઉપર જણાવ્યા મુજબના અભ્યાસ ક્રમોમાં જે તે ડીપ્લોમાં/ ડીગ્રી કોર્સ પૂર્ણ થયા બાદ **સમગ્ર કોર્સના દર વર્ષના/સેમેસ્ટરના સરેરાશ પરિણામના** આધારે ઉપર જણાવ્યા મુજબ ઈનામની રકમ મંજુર કરવાની રહેશે.

આ ઉપરાંત **પોલીસ વિભાગના કે પોલીસ પરિવારના તેજસ્વી રમતવીરો માટે સેન્ટ્રલ વેલ્ફેર ફંડમાંથી** નીચેના **ટેબલમાં જણાવ્યા મુજબની સ્પોર્ટસ સ્કોલરશીપ આપવા નિર્ણય કરવામાં આવે છે.**

**સ્પોર્ટસ સ્કોલરશીપ :-**

| | | |
|---|---|---|
| ૧ | આંતરરાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટમાં પસંદગી પામેલ ખેલાડીઓ | મહત્તમ રૂ.૧૦,૦૦,૦૦૦/- તથા રૂ. ૨,૦૦,૦૦૦/- સુધી સ્પોટ્ર્સ કિટ/ સાધનો, કોચીંગ, મેડીકલ વિગેરે ખર્ચ માટે. |
| ૨ | રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ ખેલાડીઓ | મહત્તમ રૂ.૫,૦૦,૦૦૦/- તથા રૂ. ૧,૦૦,૦૦૦/- સુધી સ્પોટ્ર્સ કિટ/ સાધનો કોચીંગ, મેડીકલ વિગેરે ખર્ચ માટે. |

ઉપરોક્ત સ્કોલરશીપ તથા ઇનામો પો.કો થી એ.એસ.આઇ સુધીના પોલીસ કર્મચારીઓ તથા પટાવાળા થી હેડ કલાર્ક સુધીના સિવીલિયન સ્ટાફના બાળકોને જ મળવાપાત્ર હતા. આ શિષ્યવૃત્તિ/ઇનામો તેજસ્વી બાળકો માટે નાણાકીય સહાય ઉપરાંત તેજસ્વી બાળકોને વધુ સારા અભ્યાસ માટે પ્રોત્સાહિત કરતુ એક મહત્વનું પરિબળ હોય તેને **અમૂક કર્મચારીઓ પૂરતુ મર્યાદિત નહી રાખતા વેલ્ફેર ફંડમાં ફાળો આપતા તમામ અધિકારી/કર્મચારીઓના બાળકોને આ યોજનાનો લાભ મળશે તેવો નિર્ણય કરવામાં આવે છે.**

**(ક) વેલ્ફેર ફંડમાંથી મળતી વિવિધ લોન:-**

હાલમાં પોલીસ વેલ્ફેર ફંડમાંથી અપાતી વિવિધ લોનની રકમ તથા તેના વ્યાજદરમાં ફેરફાર કરી નીચે મુજબના વ્યાજદર સાથે આપવા નિર્ણય લેવામાં આવે છે.

| (૧) અ.નં | (૨) લોનનો પ્રકાર | (૩) લોનની રકમ | (૪) ચુકવણીની વિગત | (૫) વ્યાજદર |
|---|---|---|---|---|
| ૧ | સિલાઈ મશીન લોન | રૂ.૧૦,૦૦૦/- સુધી | ૧૦૦૦ X ૧૦ * ૧૧ મો હપ્તો વ્યાજ પેટે | ૫% |
| ૨ | મંગલસૂત્ર લોનને બદલે સંતાન લગ્ન લોન | ૧,૫૦,૦૦૦/- સુધી | ૫૦૦૦ X ૩૦ * ૩૧ મો હપ્તો વ્યાજ પેટે | ૫% |
| ૩ | મેડિકલ લોન (કોઈપણ હોસ્પિટલમાં લીધેલ સારવાર માટે આપી શકાશે) | પ્રવર્તમાન ધારાધોરણ મુજબ | પ્રવર્તમાન ધારાધોરણ મુજબ | બે વર્ષ સુધી **૦%** (વ્યાજ રહિત) અને બે વર્ષ બાદ ૫% |
| ૪ | મોતિયા ઓપરેશન લોન | રૂ.૩૦,૦૦૦/- સુધી | ૨૦૦૦ X ૧૫ * | **૦%** (વ્યાજ રહિત) * હપ્તા પરત ચુકવણીમાં વિલંબ થાય તો વ્યાજ દર ૫% ગણવાનો રહેશે. |
| ૫ | કોમ્પ્યુટર લોન | રૂ.૬૦,૦૦૦/- સુધી | ૩૦૦૦ X ૨૦ * ૨૧ મો હપ્તો વ્યાજ પેટે | ફિક્સ વ્યાજના બદલે ૫% |
| ૬ | મોબાઈલ લોન | રૂ.૨૫,૦૦૦/- સુધી | ૧૨૫૦ X ૨૦ * ૨૧ મો હપ્તો વ્યાજ પેટે | ફિક્સ વ્યાજના બદલે ૫% |
| ૭ | ઉચ્ચ અભ્યાસ લોન | રૂ.૧૦,૦૦,૦૦૦/- સુધી | વ્યાજ સહિત ૬૦ હપ્તામાં (૫ વર્ષ માં) | ૫% |

* ઓછી લોન લે તો હપ્તાની રકમ ઓછી કરવી હપ્તાની સંખ્યા સરખી રહેશે.

**(ડ) કર્મચારીના મૃત્યુના કિસ્સામાં મળતી મરણોત્તર સહાય:-**

હાલમાં કર્મચારીના મૃત્યુના કિસ્સામાં રૂ.૫૦,૦૦૦/- ની મરણોત્તર સહાય મળવાપાત્ર છે. જેમાં ફેરફાર કરવામાં આવતો નથી પરંતુ આજદિન સુધી સદર સહાય યુનિટ વેલ્ફેર ફંડમાંથી ચૂકવવામાં આવી રહેલ હતી. જેને બદલે હવેથી મરણોતર સહાયની તમામ રકમ સેન્ટ્રલ વેલ્ફેર ફંડમાંથી ચૂકવવામાં આવશે.

આથી તમામ એકમોએ યુનિટ વેલ્ફેર ફંડમાંથી ઉપર જણાવ્યા મુજબ **મૃત્યુ સહાય તથા ઈનામ ની ચુકવણી કરવાની રહેશે અને એપ્રિલ મહિનામાં ગત નાણાંકિય વર્ષ દરમ્યાન** તેમની કચેરીમાંથી ચુકવવામાં આવેલ તમામ મૃત્યુ સહાય તથા ઈનામની રકમ તથા લાભાર્થીઓના નામ સહિતની વિગતવાર સંયુક્ત દરખાસ્ત તૈયાર કરી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીને મોકલી સેન્ટ્રલ વેલ્ફેર ફંડમાંથી પરત મેળવવાની કાર્યવાહી કરવાની રહેશે.

આ ઉપરાંત ફરજના ભાગરૂપે થયેલ કાર્યવાહી અનુસંધાને મૃત્યુ પામેલ અધિકારી/કર્મચારીના આશ્રિતો માટે 'શહીદ સ્મૃતિ સહાય' શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવે છે. જે મુજબ ફરજ બજાવતા શહીદ થયેલ અધિકારી/કર્મચારીના આશ્રિતોને સેન્ટ્રલ વેલ્ફેર મોનીટરીંગ કમિટીની મંજૂરીથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય

પોલીસ અધિકારીશ્રી મહત્તમ રૂ.૧૦,૦૦,૦૦૦/- સુધીની સહાય મંજૂર કરી શકશે.આ માટે જે તે એકમે કર્મચારીના મૃત્યુના એક મહિનાની અંદર તમામ વિગતો સાથે વિધિવત દરખાસ્ત કરવાની રહેશે.

આ ઉપરાંત ફરજના ભાગરૂપે થયેલ કાર્યવાહી અનુસંધાને કાયમી અપંગતા થયેલ હોય તેવા અધિકારી/કર્મચારી માટે 'દિવ્યાંગતા સહાય' શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવે છે. જે મુજબ ફરજ બજાવતા થયેલ કાયમી અપંગતા સબબ જે તે અધિકારી/કર્મચારીને સેન્ટ્રલ વેલ્ફેર મોનીટરીંગ કમિટીની મંજૂરીથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી મહત્તમ રૂ.૫,૦૦,૦૦૦/- સુધીની સહાય મંજૂર કરી શકશે. આ માટે જે તે એકમે કર્મચારીના અકસ્માત બાદ કાયમી અપંગતા જાહેર થયાના એક મહિનાની અંદર તમામ વિગતો સાથે વિધિવત દરખાસ્ત કરવાની રહેશે.

**અન્ય સૂચનાઓ :-**

**(૧) યુનિટ સ્તરની વેલ્ફેર મોનીટરરીંગ કમિટી:-** પ્રત્યેક યુનિટમાં યુનિટ સ્તરની વેલ્ફેર મોનીટરીંગ કમિટીની રચના કરવા સૂચના છે. સદર કમિટીમાં યુનિટના વડા, એક ના.પો.અધિ.કે તેથી ઉપલી કક્ષાના અધિકારી તથા યુનિટના કચેરી અધિક્ષક/હેડ ક્લાર્કનો સમાવેશ કરવાનો રહેશે. દર મહિને આ કમિટીની બેઠક યોજી મહિના દરમિયાન થયેલ ખર્ચને બહાલી આપવાની રહેશે. સદર કમિટી પ્રત્યેક 'મે' મહિનામાં યુનિટ વેલ્ફેર ફંડના કુલ ઉપલબ્ધ ફંડના ૫૦% ફંડમાંથી કુલ રકમના મહત્તમ ૨૦%ની ટકાવારી પ્રમાણે વિવિધ વિષયોને બજેટની ફાળવણી કરશે. જો કે વ્યાજબી કારણોની નોંધ કરીને સદર કમિટી વધુમાં વધુ કોઇ એક વિષયને કુલ ઉપલબ્ધ ફંડમાંથી ૨૦% ના ધોરણે ફળવાયેલ તમામ કે અંશતઃ રકમ અન્ય વિષયને તબદીલ કરી શકશે.

**(૨) વેલ્ફેર ઈન્સપેક્શન:-** પ્રત્યેક યુનિટ વડાએ પોતાની કચેરીના વાર્ષિક ઈન્સપેક્શનમાં વેલ્ફેર શાખાનુ અલગથી ઈન્સપેક્શન હાથ ધરવા સૂચના છે. જેમાં રેકર્ડ ચકાસણી ઉપરાંત વેલ્ફેર હેઠળ ખરીદાયેલ તમામ સામાનના ડેડ સ્ટોક તથા સ્ટોકની ચકાસણી તથા વર્ષ દરમિયાનના તમામ હિસાબોની ચકાસણી હાથ ધરવાની રહેશે. તે જ રીતે વડી કચેરીઓ દ્વારા થતા યુનિટના ઈન્સ્પેક્શન વખતે પણ વેલ્ફેર પ્રવૃતિઓને ફાળવાયેલ બજેટની ચકાસણી, વેલ્ફેર હેઠળ કરાયેલ તમામ ખર્ચની ચકાસણી તથા ખરીદાયેલ તમામ સામાન તથા કરવામાં આવેલ તમામ પ્રવૃત્તિઓ અંગેની સ્થળ ચકાસણી સહિત વિગતવારની ચકાસણી કરવાની રહેશે. વેલ્ફેર ફંડના ઈરાદાપૂર્વકના દૂરૂપયોગ અને ગેરવહીવટને ખૂબ ગંભીરતાથી લેવામાં આવશે તેની તમામે ગંભીર નોંધ લેવા સૂચના છે.

**(૩) વેલ્ફેર ફાળા કપાત:-** પોલીસ વેલ્ફેર પ્રવૃત્તિઓનો વ્યાપ વધતા વેલ્ફેર ફંડમાંથી થતા ખર્ચનો વ્યાપ પણ વધશે. આથી સેન્ટ્રલ તથા વિવિધ વેલ્ફેર ફંડની આવકમાં વધારો થાય તે ઇચ્છનીય છે. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીના ક્રમાંક:ગ-૨/કલણ/વે ફંડ/૮૧૨/૨૦૦૬ તા.૧૩/૦૪/૨૦૦૬ ના પરીપત્રથી બે થી વધુ જીવીત બાળકો ધરાવતા કર્મચારીઓને વેલ્ફેરની લોન/સહાયો મળતી ન હોય તેમનો વેલ્ફેર ફાળો કપાત ન કરવા હુકમ થયેલ છે. પરંતુ કન્ઝ્યુમર સ્ટોર, CPC કેન્ટીન, ચા-નાસ્તા કેન્ટીન, દૂધ કેન્દ્ર, શાકભાજી કેન્દ્ર, પુસ્તકાલય તથા વાંચનાલય, બાર્બર શોપ, બાળમંદિર, બાળ ઉદ્યાન, RO પ્લાન્ટ, ફ્લોરમીલ, કોચીંગ ક્લાસ વગેરે જેવી (અ) હેડ હેઠળ દર્શાવેલ મોટાભાગની વેલ્ફેર પ્રવૃત્તિઓનો લાભ દરેક કર્મચારી લે જ છે. આ ઉપરાંત મેડીકલ ચેકઅપ/સ્કુલ બસ સુવિધા જેવી પ્રવૃત્તિઓનો લાભ લેવાથી પણ આવા કર્મચારીઓને બાકાત રાખી શકાય નહીં. પરંતુ બે થી વધુ બાળકો ધરાવતા કર્મચારીઓનો વેલ્ફેર ફાળો કપાત થતો નથી. આથી આવા કર્મચારીઓને માત્ર લોન અને વિવિધ સહાય મળતી ન હોવાના કારણોસર તેમનો વેલ્ફેર ફાળો કપાત નહી કરવાના નિર્ણય પર ફેર-વિચારણા કરી ઉપરોક્ત પરિપત્રમાં સુધારો કરી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી **બે થી વધુ બાળકો ધરાવતા કર્મચારીઓનો અડધા**

**(૧/૨) દિવસનો વેલ્ફેર ફાળો કપાત કરવા નિર્ણય લેવામાં આવે છે. જે મુજબ તમામે અમલ કરવાનો રહેશે.**
જોકે સરકારશ્રીના નિયમો મુજબ આવા કર્મચારીઓને વેલ્ફેરની લોન, વિવિધ સહાય કે મરણોત્તર સહાય મળવાપાત્ર રહેશે નહી.

(૪) **વેલ્ફેર એકાઉન્ટ** : અનેક પોલીસ એકમો વિવિધ વેલ્ફેર પ્રવૃતિઓ માટે જુદા-જુદા બેન્ક એકાઉન્ટ રાખે છે. જેના કારણે વેલ્ફેર એકાઉન્ટનું યોગ્ય રીતે ઓડીટ થઇ શકતું નથી અને થયેલ ખર્ચ તથા આવકના વ્યવસ્થિત હિસાબો મળતા નથી. જે તદ્દન અયોગ્ય છે આથી તમામ એકમોને સી.પી.સી. કેન્ટીન જેવી પ્રવૃતિઓ માટે અલગ એકાઉન્ટ નિભાવવાની ફરજ પડતી હોય તેવા કિસ્સા સિવાયની તમામ વેલ્ફેર પ્રવૃતિઓ માટે એક જ એકાઉન્ટ નિભાવવાનું રહેશે અને વેલ્ફેર સંબંધિત તમામ ખર્ચ સદર એકાઉન્ટમાંથી જ કરવાનો રહેશે તથા વેલ્ફેર પ્રવૃતિઓમાંથી થતી તમામ આવક પણ આ જ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે. આથી જે યુનિટ દ્વારા એક થી વધુ એકાઉન્ટ નિભાવવામાં આવતા હોય તેમણે તે તમામ એકાઉન્ટ એક જ એકાઉન્ટમાં તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીમાં મર્જ કરી અત્રે જાણ કરવાની રહેશે.

(૫) **વેલ્ફેર પ્રવૃતિઓની સાતત્યતા** : અનુભવે જણાયેલ છે કે પોલીસ વેલ્ફેરને મોટાભાગના અધિકારીઓ માત્ર નૈતિક જવાબદારી સમજે છે અને આ દિશામાં કોઇ વિશેષ રસ લેવામાં આવતો નથી. કયારેક પુરોગામી અધિકારીઓ દ્વારા શરૂ કરાયેલ અને સફળતાપૂર્વક ચલાવાયેલ પ્રવૃતિઓને અનુગામી અધિકારીઓ કોઇ કારણ વિના એકાએક બંધ કરી દે છે. અનેક કિસ્સામાં ભૂતકાળમાં વાવવામાં અને ઉછેરવામાં આવેલ વિશાળ વૃક્ષોને કાપી નાખવાના નિર્ણયો પણ લેવામાં આવે છે. જે દુ:ખદ હોવા ઉપરાંત કોઇપણ રીતે યોગ્ય કે માન્ય નથી. આથી તમામને જે તે એકમમાં ચાલતી પ્રવૃતિઓ વિના કારણ બંધ નહી કરવા અને તેમાં ઉત્તરોતર સુધારો અને વધારો થાય તે રીતે કામગીરી કરવા સૂચના છે.

ઉપરોક્ત વેલ્ફેર પ્રવૃત્તિઓમાં કરવામાં આવેલ સુધારા-વધારા તારીખ:-૦૧/૦૬/૨૦૨૧ થી અમલમાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી દ્વારા સર્વે સભ્યશ્રીઓનો આભાર માની બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવી.

**( હંસાબેન ધારવીયા)**
ઈ.ચા.ઉપ સચિવ, સચિવશ્રીના પ્રતિનિધિ
ગૃહવિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**( સી.એન.ભટ્ટ )**
નિયામક, હિસાબ અને તિજોરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**( બ્રજેશકુમાર ઝા )**
પોલીસ મહાનિરીક્ષક (વહીવટ)
અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**( આશિષ ભાટીયા )**
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.